# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે અગિયાર વાગે મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે.**
2. **ગ્રામીણ વિસ્તારોમાં ત્રણ દિવસ યોજાયેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવમાં આનંદ અને ઉત્સાહ સાથે બાળકોનું નામાંકન કરાયું.**
3. **અમદાવાદ વિમાન દુર્ઘટનામાં, DNA ટેસ્ટથી 254 અને ચહેરાથી ઓળખીને છ સહિત કુલ 260 મૃતકોના પાર્થિવ દેહ પરિજનોને સોંપાયા.**
4. **રાજ્યના 226 તાલુકાઓમાં વરસાદ - નવસારીના ચિખલીમાં સૌથી વધુ ત્રણ ઇંચ વરસાદ વરસ્યો - કચ્છમાં યલો એલર્ટ જાહેર.**
5. **અમદાવાદના ધૈર્ય પરમારે ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટ નો ખિતાબ જીત્યો.**

-------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 123 મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

# SHALA PRAVESTOSAV (PAGE 1)

સમગ્ર રાજ્યમાં ગ્રામીણ વિસ્તારોમાં 26મી જૂનથી શરૂ થયેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ગઇકાલે સંપન્ન થયો હતો...જે અંતર્ગત ગઇકાલે રાજ્યની વિવિધ શાળાઓમાં બાળકોને ઉલ્લાસભેર પ્રવેશ અપાયો.

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામે આવેલ ઉમા સંસ્કાર વિદ્યાલય ખાતે ધોરણ **9** તથા **11** ના બાળકોને રાજ્યના મુખ્ય સચિવ પંકજ જોશીએ પ્રવેશ અપાવીને શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યુ હતું કે શિક્ષણ એ કોઈ એક વિભાગ

કે માત્ર શિક્ષકોની નહીં પણ સમગ્ર સમાજની જવાબદારી છે. એટલે જ પ્રવેશોત્સવને સમાજોત્સવ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. તેમણે સાયન્સ વિષયમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ જોડાઈ સારી કારકિર્દી પસંદ કરે તેવી આશા વ્યક્ત કરી હતી.

પ્રાથમિક શિક્ષણ નિયામક ડો. એમ.આઈ.જોશીએ દસ્ક્રોઈ તાલુકાની શાળાઓમાં બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો તો ધારાસભ્ય સરદારભાઈ ચૌધરી અને માહિતી નિયામક કે. એલ.બચાણીની ઉપસ્થિતિમાં ખેરાલુના મહાદેવપુરા , મલેકપુર અને બળાદ ગામે શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો.

માત્ર નોકરી માટે જ નહીં પરંતુ શ્રેષ્ઠ સમાજના નિર્માણ માટે દીકરીને ભણાવવા પર ભાર મૂકતા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના અધિક સચિવ વર્ષા હેરમા એ દેડિયાપાડાની નિવાલ્દા પ્રાથમિક શાળાના ૧૨૦ બાળકોના નામાંકન સાથે શાળા પ્રવેશ કરાવ્યો હતો

ફૂલઝર ખાતે નવનિર્મિત માધ્યમિક શાળાના લોકાર્પણ સહ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરાઈ હતી. જે અંતર્ગત મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે અંદાજે ૩.૫ કરોડના ખર્ચે લેબોરેટરી, લાઇબ્રેરી, આધુનિક ક્લાસરૂમ, વોકેશનલ ટ્રેનિંગ સહિતની સુવિધાસભર નવનિર્મિત માધ્યમિક શાળાનું લોકાર્પણ કરાયું.

રાજકોટના ગોંડલ તાલુકાના લુણીવાવ, વેજાગામ અને અનિડા ભાલોડી ગામની પ્રાથમિક શાળાઓમાં આંગણવાડી, બાલવાટિકા, ધોરણ-૧ અને ધોરણ-૯ માં કુલ મળીને ૧૨૭ જેટલા વિદ્યાર્થીઓનો આનંદભેર શાળાપ્રવેશ કરાવાયો હતો.

તાપી જિલ્લામાં આંગણવાડી પ્રવેશોત્સવ માં ત્રણ વર્ષના એક હજાર ૪૮૭ ભૂલકાઓનું કંકુ પગલાં અને ફૂલોની વર્ષા સાથે આંગણવાડીમાં સ્વાગત કરાયું હતું.

---

# AHMEDABAD DNA MATCHING

અમદાવાદ વિમાન દુર્ઘટનાના કુલ 260 મૃતકોના પાર્થિવ દેહ પરિવારજનોને સોપાયા હોવાનું આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું. **AI** ફ્લાઇટ **171**ના તમામ પેસેન્જરની ડીએનએ સેમ્પલની મદદથી ઓળખ થઈ અને તેમના મૃતદેહ સ્વજનોને સોંપાઈ ગયા છે. અત્યાર સુધીમાં **DNA** ટેસ્ટથી ૨૫૪ અને ચહેરાથી 6 એમ કુલ 260 મૃતકોની ઓળખ થઇ ચુકી છે. 254 મૃતકોના **DNA** સેમ્પલ મેચ થયા, જેમાંથી 241 પેસેન્જર અને 13 નોન પેસેન્જર હોવાનું પણ મંત્રીએ જણાવ્યું હતું..આ દુર્ઘટનામાં 19 નોન પેસેન્જરના પાર્થિવ દેહ સોંપાયા જેમાં 13ની ઓળખ **DNA** રિપોર્ટથી અને 6 ની ઓળખ ચેહેરાથી કરાઈ

ઓળખાયેલા 260 મૃતકોમાં 181 ભારતના નાગરિક, 7 પોર્ટુગલના, 52 બ્રિટિશ નાગરિક, એક કેનેડિયન તેમજ 19 નોન પેસેન્જરનો સમાવેશ થાય છે. 260 પાર્થિવ દેહમાંથી 31 હવાઇ માર્ગે અને 229 રોડ માર્ગે મોકલાયા છે.

---

# RAIN

રાજ્યમાં ગઈકાલે સવારે 6 વાગ્યાથી આજે સવારે 4 વાગ્યા સુધીમાં 226 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ 3 ઇંચ વરસાદ નવસારી જિલ્લાના

ચીખલી તાલુકામાં નોંધાયો છે. વલસાડ, જાંબુઘોડા, વાપી, દ્વારકા અને  કપરાડા માં 2.5 થી 3 ઇંચ વરસાદ નોંધાયો છે

વલસાડ જિલ્લાના વલસાડ શહેર   અને ઉમરગામ તાલુકામાં એક એક ઇંચ વરસાદ નોંધાયો   હતો જ્યારે અન્ય તાલુકાઓમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે છૂટો છવાયો વરસાદ પડ્યો હતો

બોટાદ જીલ્લાના બરવાળા શહેર તથા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

અમદાવાદ શહેરમાં ગઇકાલે ધીમી ધારે પાડેલા વરસાદથી લોકોને ગરમીમાં રાહત મળી છે. શહેરના ઓઢવ અને જોધપુર વિસ્તારમાં 1 થી 2 ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

ભાવનગર શહેરમાં વરસાદી માહોલ વચ્ચે અડધો ઇંચ વરસાદ પડ્યો છે. જ્યારે જિલ્લાના વલભીપુર  , ઘોઘા , પાલીતાણા, તળાજા અને મહુવા તાલુકામાં વરસાદ વરસ્યો હતો.

---

# WEATHER

લો પ્રેશર સિસ્ટમ સક્રિય અને અપર એર સાઇકલોનિક સર્ક્યુલેશન સિસ્ટમને કારણે રાજ્યમાં વરસાદી માહોલ સર્જાયો છે            .   જેને કારણે હવામાન વિભાગે  અમદાવાદ સહિત આસપાસના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ અને ઝાપટા પડવાની કરી છે.

જ્યારે આજે  કચ્છ વિસ્તારમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવેલ છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં દેવભૂમિ દ્વારકા અને પોરબંદર, ઉત્તર અને ઉત્તર પૂર્વી ગુજરાતમાં બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદ તેમજ દક્ષિણ ગુજરાતમાં નવસારી વલસાડ દમણ અને દાદરા નગર હવેલીમાં વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કરવામાં આવેલુ હોવાનું હવામન વિભાગના વડા  ડૉ.એ.કે.દાસે જણાવ્યું હતું.

**બાઇટ- એ.કે.દાસ, હવામાન વિભાગ વડા**

---

## JAMNAGAR ARREST

જામનગર શહેરના દિગ્વિજયપ્લોટ વિસ્તારમાં આવેલ ડ્રાયફ્રુટ દુકાનમાં વેપારી પાસેથી નાણા પડાવવાના કેસમાં બે આરોપીઓની પોલીસે ધરપકડ કરી હતી તેમ જામનગરના ડીવાયએસપી જયવિરસિંહ ઝાલાએ જણાવ્યુ હતું.

**બાઈટ : જયવીરસિંહ ઝાલા (ડીવાયએસપી જામનગર )**

---

## CM HANDBALL

રાજ્યમાં ખેલે તે ખીલેના મંત્ર સાથે વર્ષ 2010માં શરૂ થયેલા ખેલ મહાકુંભથી ગામડાથી લઈને મહાનગરોના ખેલાડીઓના કૌશલ્યને બહાર આવવાની તક મળી હોવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યુ હતું..

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભુજમાં રાષ્ટ્રીયકક્ષાની સિનિયર મહિલા હેન્ડબોલ ચેમ્પિયનશીપનો ગઇકાલે પ્રારંભ કરાવતા કહ્યું હતું કે , ગુજરાતમાં ખીલેલું ઉચ્ચ સ્તરનું સ્પોર્ટ્સ કલ્ચર આજે દેશ અને દુનિયામાં ગુજરાતનો ડંકો વગાડી રહ્યું છે.

**બાઇટ- ભૂપેન્દ્ર પટેલ , મુખ્યમંત્રી**

---

# TEBLE TANNIS

અમદાવાદના ધૈર્ય પરમારએ ટોચના ક્રમના અને પોતાના શહેરના ચિત્રાક્ષ ભટ્ટને 4-2 થી હરાવીને દીનદયાળ પોર્ટ ઓથોરિટી 2જી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટ 2025માં પુરુષોના ખિતાબ જીત્યો છે.

મહિલાઓની ફાઇનલમાં , અમદાવાદની ઔઇશિકી જોઅરદારે ગાંધીનગરની રાધાપ્રિયા ગોયલને ૪-૧થી હરાવીને આ સીઝનનો પોતાનુ પહેલુ ટાઈટલ જીતી લીધુ હતો.

અંડર-19 બોયસની ફાઇનલમાં ભાવનગરના ધ્યેય જાની અને અરાવલ્લીના જન્મેજય પટેલ વચ્ચે રસાકસી ભરી મેચ થઇ હતી. અંતે ધ્યેય જાની 4-3 થી જીત મેળવીને અંડર-19નો ખિતાબ જીતી લીધો હતો.

બીજી બાજુ અંડર- 17 બોયસની ફાઇનલમાં અમદાવાદના બે બિનક્રમાંકિત ખેલાડીઓ વચ્ચે મુકાબલો થયો હતો, જેમાં અભિલક્ષ પટેલે માલવ પંચાલને 3-1થી હરાવી ટાઇટલ પોતાના નામે કર્યો હતો.

---